**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: BRAHMASTRA (GUJARATI WEEKLY)**
**CITY: JAMNAGAR**
**DATE: 05-07-2018**
**PAGE NO. 02**
**TOTAL SQ. CM. 388**
**TITLE:** ***Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school***

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતર-સ્વચ્છતા કિટનું વિતરણ

નયારા એનર્જી લિમિટેડએ રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના 3,000 વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ કિટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા કિટનું વિતરણ કરી એક નવી પહેલા કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. દરમિયાન રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિમિટેડએ દર વર્ષની માફક સહભાગીદાર બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને



હાઈજીન કીટનું વિતરણ કર્યુ હતું. સ્કૂલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેક્સ ક્રેયન્સ, ક્રેયન્સ કલર બુક, પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારી, સરપંશ્રી તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

નયારા એનર્જી લિમિટેડએ સ્કૂલ બેગ કીટની સાથે વિદ્યાર્થીઓને હાઈજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઈલ કટર, કાંસકો, ટુથબ્રસ, ટુથપેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે નાનપણથી જ સમજણ કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્કૂલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ઉઠ્યા હતા. કંપનીની આ પહેલને શાળાઓના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી.

નયારા એનર્જી લિમિટેડ રિફાઈનરી નજીકના ગામોમાં ગ્રામશિક્ષા કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેને લોકો દ્વારા આવકારવામાં આવી રહ્યું છે.